સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) મોરબીના મકાન બાંધકામ માટેની સુધારેલ અંદાજોની વહીવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૨૦૧૦/૩૨૯૨/ન.બા./અ.૧(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦/૦૫/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૧ તથા તા.૨૬/૦૫/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૦/૩૨૯૨/ન.બા./અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: અનશ/ ૧૦૨૦૧૦/૩૨૯૨/ન.બા./અ.૧

(૩) માર્ગ અને મકાન વિભાગનો તા.૨૮/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: બીડીજી/૫૪/૨૦૧૧/૧૨૯૫/ન

સુધારા ઠરાવ:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો માટે સરકારી છાત્રાલયો (કન્યા/કુમાર) વિસનગર, ધંધૂકા, રાજુલા, મોરબી, ઇડર, બરોડા, વઢવાણ અને પોરબંદર (કન્યા/કુમાર) ખાતેના મકાનોના બાંધકામ અંગે વંચાણે લીધા ક્રમાંક (૧)ના તા.૦૨/૦૪/૨૦૧૧ અને તા.૨૬/૦૫/૨૦૧૧ના ઠરાવોથી સને ૨૦૧૧-૧૨ના વર્ષના અંદાજપત્રમાં કુલ રૂ.૬૩૨.૯૨ લાખની નવી બાબત(પ્લાન)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) મોરબીના મકાન બાંધકામ માટેની સુધારેલ અંદાજો રૂ.૩,૩૯,૭૯,૦૦૦/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધા ક્રમાંક (૩)ના પત્રથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) મોરબીના મકાન બાંધકામ માટે રૂ.૩,૭૮,૧૨,૮૫૨.૯૯/-ની રકમની સુધારેલી વહીવટી

મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે, જેના અનુસંધાને સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) મોરબીના મકાન બાંધકામ માટેની સુધારેલ અંદાજોની રકમ રૂ.૩,૭૮,૧૨,૮૫૨.૯૯/-ની વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨)ના તા.૦૨/૦૪/૨૦૧૧ અને તા.૨૬/૦૫/૨૦૧૧ના તેમજ તા.૦૮/૦૨/૨૦૧૩ના ઠરાવોની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના માંગણી નં-૮૪, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૪૨ મકાનો, હેતુ સદર- ૫૩૦૦ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૬/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ